અપીલ અરજી નં.૯૨ તા.૧૭–૭–૦૮

અરજદાર: શ્રી શાસ્ત્રી ગોવર્ધનેશ વિઠ્ઠલજી જોષી

સામાવાળા:ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

## હુકમ:–

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાસ્ત્રી ગોવર્ધનેશ વિઠ્ઠલજી જોષીની તા.૦૯–૬–૦૮ ની અરજીથી (૧) તા.૨૮–૧–૦૮ આઉટવર્ડ ૯૭૩ થી પાઠવવામાં આવેલી નોંધ બાબત અને તા.૪–૬–૦૮ આઉટવર્ડ ૨૫૧માં નિર્દિષ્ટ સામાન્ય સભાનો ઠરાવ બાબત.૨) શ્યામસુંદર સોસા.થી શ્રીનાથજીબાવા મંદિર સુધીના રસ્તાને પાકો કરવા બાબત. (૩) પશ્ચિમઝોન ની રચના બાદ કઈકઈ સોસાયટી અને વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. હેઠળ રસ્તા બનાવવામાં આવેલા? (૪) પશ્ચિમ ઝોન વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. માંથી રસ્તાનો કબજો મેળવવા બાબત. (૫) પશ્ચિમઝોન વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. અને ફાઈનલ ટી.પી. રીઝર્વેશનના કબજા બાબત. (૬) ઝોનલ વડા શ્રી દારૂવાલા સાહેબ અંગે. વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૨/૨૦૦૮–૦૯

શ્રી શાસ્ત્રી ગોવર્ધનેશ વિઠ્ઠલજી જોષીની તા.૦૯–૬–૦૮ ની અરજીથી (૧) તા.૨૮–૧–૦૮ આઉટવર્ડ ૯૭૩ થી પાઠવવામાં આવેલી નોંધ બાબત અને તા. ૪–૬–૦૮ આઉટવર્ડ ૨૫૧માં નિર્દિષ્ટ સામાન્ય સભા નો ઠરાવ બાબત. (૨) શ્યામસુંદર સોસા.થી શ્રીનાથજીબાવા મંદિર સુધીના રસ્તાને પાકો કરવા બાબત.(૩) પશ્ચિમઝોન ની રચના બાદ કઈકઈ સોસાયટી અને વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. હેઠળ રસ્તા બનાવવામાં આવેલા? (૪) પશ્ચિમ ઝોન વિસ્તારમા ડ્રાફટ ટી.પી. માંથી રસ્તાનો કબજો મેળવવા બાબત. (૫) પશ્ચિમઝોન વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. અને ફાઈનલ ટી.પી. રીઝર્વેશનના કબજા બાબત.(૬) ઝોનલ વડાશ્રી દારૂવાલા સાહેબ અંગે. વિગત આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.આરટીઆઈ/આ.૨૭ તા.૧૯–૬–૦૮ થી આપેલ માહિતી બાબતે માહિતી ગેરમાર્ગે દોરનારી હોવાનું છે. તથા આપેલ જવાબ પાછો પરત લઈ નવો જવાબ નહીં આપવા વિગેરે કારણસર મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૭–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા

પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૯ તા.૨૨–૭–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આરટીઆઈ/આ.નં.૬૪ તા.૨૪–૭–૦૮ ના રોજ અત્રેના વિભાગને આનુષાંગિક માહિતીની વિગતો પૂરી પાડવામાં આવેલ છે જે અનુસાર અરજદારને તા.૯–૬–૦૮ ની તેમની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ધ્વારા તેમના પત્ર નં.આરટીઆઈ આ.નં.૨૭ તા.૧૯–૬–૦૮ થી પૂરી પાડેલ જેની સામે અરજદારે સાચો જવાબ ન મળવા,ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ જેવા કારણસર આપેલ જવાબથી નારાજ થઈ અપીલ કરેલ. જેના અનુસંધાને અરજદારને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ધ્વારા આ.નં.૫૫ તા.૧૯–૭–૦૮ થી માંગ્યા મુજબની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી પૂરી પાડી મુદ્દા નં.૬ અંગે ડે.કમિશ્નર (પઅનેઈ) અને સબંધિત જાહેર માહિતી અધિકારીને તા.૧૨–૬–૦૮ ના રોજ અરજી તબદીલ કરેલ જણાવેલ છે. અરજદારને પશ્ચિમ ઝોનની રચના બાદ ડ્રાફટ ટીપી બનાવેલ રસ્તાઓની યાદી, ગુજરાત ટાઉન પ્લાનીંગ એકટની સંબંધિત કાયદાકીય માહિતીની નકલ તેમજ મુદ્દા નં.૨ માં નિર્દિષ્ટ કરેલ ૧ થી ૭ પત્રોની નકલો પૂરી પાડયાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૯–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે અને મુદ્દા નં.૬ અંગે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. આથી મુદ્દા નં.૬ અંગે આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી કલમ–૭ (૬) હેઠળ અરજદારને માહિતી વિના મુલ્યે પૂરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. અપીલ અરજીમાંની કાર્યવાહી હાથ ધરવાને લગતી અન્ય રજુઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા અંગે અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૮ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન તથા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી શાસ્ત્રી ગોવર્ધનેશ વિઠ્ઠલજી જોષી,